February 2020

# Roshni

## Reaching Out to Serve Humanity with New Initiatives

*(મતલબ કે જેટલું શક્ય હોય તેટલા વધુ લોકો સુધી સેવા પહોંચાડવી અને કંઈક નવું કરવાનો પ્રયત્ન કરવો તે આશયથી આ સામાયિકનું નામ રોશની" " રાખવામાં આવ્યું છે.આ દ્વારા ઘણી દૂર સુધી ઉજાસ ફેલાવવાનો પ્રભાતનો નમ્ર પ્રયત્ન છે)*

A monthly newsletter by Prabhat Education Foundation: issue no. 3

### પ્રભાત ગાન

તા.18/02/2020

ગાયક ભીમસેન જોષીનું એક ગીત આપણે સૌએ સાંભળેલું જ છે કે " મિલે સૂર મેરા-તુમ્હારા, તો સૂર બને હમારા". આ પંક્તિ અહીંયા સાર્થક થઈ છે. રિવરસાઈડના બાળકો અને પ્રભાતના બાળકોનો સૂર મળ્યો અને એક નવું સર્જન થયું. રિવરસાઈડ બાળકોએ પોતાના 'Buddy' માટે પ્રભાતગાન બનાવ્યું. આવી સર્જનતાત્મકતા ત્યારે જ શક્ય બને કે જયારે ખૂબ જ ઉંચી ભાવના હોય. પ્રેરણાનો સ્ત્રોત બાળકોના પેરેન્ટ્સ અને શિક્ષકની ઉંચી વિચારસરણી હોય, અને આ વાતની પ્રતીતિ હાલમાં પ્રભાત કરી રહેલ છે. "બાળકોની આ સાચી દોસ્તીને સલામ".

### Prabhat Anthem

प्रभात हमारे भीतर,
नया उजयिारा लाता है।
जो सभी को अंधकार से प्रकाश में ले जाता है।।

हम में नई इन्सानयित और प्रेम को जगाता है,
सभी को साथ लेकर आगे बढ़ता जाता है।।

तन की न हम चीता करे,
मन से सब मजबूत है,
कोई न रोके, कोई न टोके,
जीवन से भरपूर है।

साथ रहे हम, साथ नीभाई,
संबंध बने वह गहरा।
न कोई ऊंचा, ना कोई नीचा,
ना जात-पात का पेहरा।।

हर मन में वशिवास जगाकर,
जागृतता फैलाते है,
छोटे-बड़े प्यारे बच्चे,
मीलकर गीत यह गाते है



" મિલે સૂર મેરા-તુમ્હારા, તો સૂર બને હમારા".



### અરમાન ના "અરમાન"



ભારતના સૌથી લોકપ્રિય શો કપિલશર્માનો શો છે કે જેમાં કોઈ ફિલ્મી કલાકારને પણ આમંત્રણ મળે તો તેની પ્રસિધ્ધિમાં ચાર ચાંદ લાગી જાય. આવા



શોમાં પ્રભાતના એક હીરોને જવાની તક મળી અને આ હીરો અરમાન ભાટીયા છે. અરમાન ભાટીયાને તેના પેરેન્ટ્સ સાથે કપિલ શર્માના શોમાં જવાની તક મળી. શ્રી કપિલ શર્માએ શોમાં તેનું એક મહેમાનની જેમ અભિવાદન કર્યું અને અરમાનનો શોમાં આવવા માટે આભાર માન્યો. અરમાન અને તેના મિત્રોએ બનાવેલ કાર્ડનો સ્વીકાર કર્યો. અને અરમાનને ભેટીને શુભેચ્છા પાઠવી. અરમાને પણ તેમને બેબીના જન્મનીમિતે અભિનંદન આપ્યા. અને બેબીનો ફોટો ઇન્સ્ટાગ્રામમાં જોયો હોવાની વાત કરીને શ્રી કપિલ શર્માને ખુશ કરી દીધા હતા. આ શોમાં શ્રી કેશવસરે પણ અરમાન વિશે ફોન ઉપર વાત કરી હતી. આમ આટલા મોટા અને પ્રસિધ્ધિ શોમાં જઈને અરમાનએ તેના અરમાન પૂરા કર્યા હતા અને ખૂબ ખુશી અનુભવી હતી.
અરમાન તારી આ ખુશીમાં પ્રભાત તારી સાથે જ છે.

## રોશની ન્યુઝ લેટર



તા.01/01/2020 ના રોજ પ્રભાતની ઓગસ્ટ 2019 થી ડિસેમ્બર 2019 દરમ્યાન થયેલ પ્રવૃત્તિની ફોટો સાથે સાથે માહિતી આપતું ગુજરાતી ન્યુઝ લેટર બહાર પાડવામાં આવ્યું, જેમાં પ્રભાતના દરેક વિભાગમાં થયેલ કાર્યની વિસ્તૃત માહિતી હતી. જેની પાછળનો ઉદ્દેશ પ્રભાતની સંપૂર્ણ પ્રવૃત્તિ દરેકે દરેક વિભાગની વ્યક્તિ સુધી પહોંચે અને તેના દ્વારા માહિતગાર બને તે છે. આ ઉદ્ઘાટન સમયે T.C.S.ના શ્રી આરતીબેન અને પ્રિયાબેન હાજર રહ્યા હતા. નવા વર્ષ 2020 થી રોશની દરેક મહિનાના શરૂઆતમાં એટલે કે દર મહિને નિયમીત બહાર પડશે. જાન્યુઆરી 2020નું રોશની 15 ફેબ્રુઆરીના રોજ ટીમમાં મૂકવામાં આવેલ છે.

## N.I.D. સ્ટુડન્ટ



N.I.D.સંસ્થાના media appreciationના કોર્ષમાં કાર્ય કરતા સ્ટુડન્ટ અને શ્રી અમિતાભસરે સૌ પ્રથમ 13/02/2020ના રોજ પ્રભાત વિઝીટ કરી પ્રભાતના સેન્ટરના બાળકો સાથે કાર્ય કર્યું અને ત્યારબાદ પ્રભાત ટીમ સાથે ડીસ્કસન કર્યું અને PWD Act, 2016 ઉપર વાત કરી અને તે ઉપર કાર્ય કરવાનું નક્કી કર્યું.
આ કાર્યના સંદર્ભમાં 18/02/2020ના રોજ ફરીથી પ્રભાત વિઝીટ કરી જેમાં ગ્રુપમાં વહેંચાઈને એક ગ્રુપે શિક્ષક સાથે, એક ગ્રુપે બાળકો અને પેરેન્ટ્સ સાથે, એક ગ્રુપે હોમબેઝ અને અર્શ સ્કૂલ વિઝીટ કરી ત્યાંની જાણકારી મેળવી અને એક ગ્રુપે સ્કૂલ પ્રોગ્રામ વિઝીટ કરી જાણકારી મેળવી અને બધા પાસાઓનો અભ્યાસ કર્યો. તા. 20/02/2020ના રોજ સ્ટુડન્ટ્સે આવીને પેરેન્ટ્સ સાથે મુલાકાત કરી અને માહિતી મેળવી. N.I.D.માં કેશવસર સાથે પણ તેમને કાર્ય અંગે મીટીંગ કરી હતી.

## "એનીમલ થેરાપી"



આ થેરાપીનું નામ રાહુલભાઈના મોઢે સાંભળીને આશ્ચર્ય થયું હતું. કારણકે ભારતમાં હજુ આ થેરાપીની શરૂઆત થઈ નથી. પરંતુ વાત ઉપરથી એટલો અહેસાસ ચોક્કસ થઈ રહ્યો હતો કે તે જેટલા દિલથી બાળકો માટે આ થેરાપીની વાત કરી રહ્યા છે તે ચોક્કસ સંસ્થા અને બાળકો માટે એક સારો અનુભવ હશે.
આ થેરાપી માટે સૌ પ્રથમ ઓફિસમાં ચર્ચા કરવામાં આવી અને ત્યારબાદ તેમને અને તેમની ટીમે વટવા સેન્ટરની મુલાકાત લીધી, બાળકો સાથે પરિચય કેળવ્યો. અને માત્ર બે જ દિવસના ટૂંકા ગાળામાં તેમના "સુગર રશ આઉટ ડોર" એનીમલ ફાર્મમાં પ્રભાતના બાળકોને પ્રભાત ટીમ સાથે ઇન્વાઈટ કર્યા. બાળકો માટે બસની વ્યવસ્થાથી લઈને તેમની થેરાપી, એન્ટરટેન, જમવાની વ્યવસ્થા તેમજ જરૂરી તમામ વ્યવસ્થાની ખૂબ જ ચીવટથી તૈયારી કરી.



બાળકો અને પ્રભાત ટીમ ત્યાં પહોંચી ત્યારે તેમણે ખૂબ અદ્ભુત અનુભવ કર્યો. ખૂબ ખુલ્લી જગ્યા, ગ્રીનરી, જુદા-જુદા પાડેલા પ્રાણીઓ, રમવાના સાધનો, બાળકો માટે ક્લે-વર્ક, જમવાની વ્યવસ્થા એટલું સરસ આયોજન હતું કે શું વાત કરવી?



સૌથી પહેલા બાળકોએ તેમના ફાર્મમાં ફરીને પ્રાણીઓને જોયા હતા. જુદી-



જુદી રમતો માણી હતી. તેમની ટીમે બાળકની સાથે બાળક બનીને ખૂબ ધમાલ મસ્તી કરી હતી અને બાળકો સાથે ખૂબ સરસ પરિચય કેળવ્યો હતો, ત્યારબાદ જુદા-જુદા પ્રાણીઓને પાસે લાવીને, ટચ કરાવીને, હાથમાં પકડાવીને બાળકોને અદ્ભુત સેન્સરીનો અનુભવ કરાવ્યો હતો.
થોડા સમયમાં તો બધા બાળકો અને પ્રાણીઓ દોસ્ત બની ગયા હતા, અને સાથે રમતા હતા. કેટલાક બાળકો પ્રાણીઓને ખવડાવતા હતા તો કેટલાક રમાડતા હતા. કેટલાક વ્હાલથી ભેટતા હતા તો કેટલાક કુતૂહલથી તે પ્રાણીના શરીરને, તેમની નાની આંખોને, તેમની પૂંછડીને, તેમના ચામડીના રંગને જોતા હતા અને ખુશ થતા હતા, તેમજ એકબીજાને બતાવતા હતા. ખરેખર દરેક જણ એક અદ્ભુત અનુભૂતી મેળવી રહ્યા હતા. આ સેશન પત્યા બાદ બાળકો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક બાળકોએ ભોજનનો આનંદ માણ્યો હતો અને ત્યારબાદ એક ખૂબ સરસ ખુશીના સંસ્મરણો સાથે પરત આવવા બસમાં ગોઠવાઈ ગયા હતા.

## કોમ્યુનિટી ડોનર મીટીંગ



તા. 17/02/2020 ના રોજ બપોર 4:30 કલાકે પુરા વર્ષ દરમ્યાન કોઈ ના કોઈ પ્રકારે પ્રભાતને મદદ આપનારા દાતાઓ માટે મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આવેલ દાતા અને પ્રભાત ટીમ વચ્ચે ચર્ચા થઇ હતી.
પ્રભાતની કાર્ય-પધ્ધતિમાં સુધારા વધારા માટે તેમની પાસે સુઝાવ માંગવામાં આવેલા હતા. તે અંગે ચર્ચા ઉપરાંત આવેલ મહેમાનોમાંથી કેટલાકે સ્વૈચ્છિક રીતે અઠવાડિયામાં કે મહિનામાં એક વખત સેવા આપવાની સ્વૈચ્છિક તૈયારી બતાવી હતી. આવેલ મહેમાનને પ્રભાતના જુદા-જુદા વિભાગની માહિતી આપવા વિડીયો બતાવવામાં આવ્યો હતો અને ચર્ચા કરવામાં આવી હતી. છેલ્લે સંસ્થા વતી શ્રી કેશવસરે તેઓનો આભાર માન્યો હતો, અને બધાએ સાથે ચા-નાસ્તાને ન્યાય આપ્યો હતો અને સૌ છુટા પડ્યા હતા.

## ટીચર ટ્રેનિંગ

| સ્કૂલનું નામ | રીસોર્સ પર્સન |
|---|---|
| એકતા સ્કૂલ<br>એશીયન સ્કૂલ<br>કુટીર વિદ્યાલય<br>(35 શિક્ષક) | શ્રી માલવભાઈ<br>શ્રી કિલ્લોલભાઈ |
| વી.એસ. ઇન્ટરનેશનલ<br>સરસ્વતી વિદ્યાલય<br>વિદ્યાસરિતા સ્કૂલ<br>(42 શિક્ષક) | શ્રી માલવભાઈ<br>શ્રી કિલ્લોલભાઈ |





## કોમ્યુનીટી સપોર્ટ



**બર્થ-ડે :-**

- નંદીશ સ્કૂલના ટ્રસ્ટીના દીકરી ઇનાયાના બર્થ-ડે નીમીતે બાળકોને સમોસા અને જ્યુસ આપવામાં આવ્યું.
- સ્નેહાબેનના દીકરાના બર્થ-ડેના નીમીતે કેક કાપવામાં આવી અને બાળકોને નોટબુક અને ક્રાફ્ટ પેપર આપવામાં આવ્યા.
- વંદનાના જન્મ-દિવસ નિમિત્તે વટવા સેન્ટરમાં બાળકોને જમાડવામાં આવ્યા હતા.



**અન્ય :-**

- જીતુભાઇ તરફથી દાણીલીમડા સેન્ટરમાં બાળકોને જમાડવામાં આવ્યા હતા.
- આરતીબેન તરફથી વટવા સેન્ટરમાં બાળકોને જમાડયા.
- અરુણભાઈ રાદડિયા તરફથી વટવા સેન્ટરમાં બાળકોને દૂધ આપવામાં આવ્યું.
- આજે દાણીલીમડા સેન્ટરમાં કમલાબેન તરફથી બાળકોને જમાડવામાં આવ્યા.



- દાણીલીમડા સેન્ટરમાં ગોપીબેન તરફથી બાળકોને જમાડવામાં આવ્યા.
- દાણીલીમડા સેન્ટરમાં બાળકોને ગૌરીબેન તરફથી ફ્રૂટ અને મીઠાઈ આપવામાં આવી.
- દાણીલીમડા સેન્ટરમાં કુલુપીબેન તરફથી બાળકોને ભાજીપાઉં જમાડવામાં આવ્યા.
- ગુંજન મહેતા તરફથી બાળકોને પફ અને ચોકલેટ આપવામાં આવ્યા.





## હોમ વિઝીટ

| No. | Details | Name of students |
|---|---|---|
| 1 | કિરણભાઈ અને N.I.D.સ્ટુડન્ટસ | વંદે-માતરમ સ્કૂલ HB સ્ટુડન્ટ્સ અનુજ અને સેજલ મૌર્યને ત્યાં. |
| 2 | જાગૃતિબેન અને N.I.D.સ્ટુડન્ટ્સ | રેહાન અને અરકમને ત્યાં અને અર્શ સ્કૂલ. |
| 3 | નિકુલભાઈ, સેજલબેન અને રીનલબેન દ્વારા | દાણીલીમડા સ્ટુડન્ટ ચિંતનના પિતાના અવસાનના લીધે. |





## મહાશિવરાત્રી સેલીબ્રેશન

તા. 20/02/2020 ના રોજ બાળકોને ઇકોફ્રેન્ડલી શિવલિંગ બનાવીને શિવરાત્રીના તહેવારનું સેલીબ્રેશન કરાવવામાં આવ્યું. બાળકોને શિવપુજન કરાવવામાં આવી અને જમવામાં બાળકોને શક્કરિયાં પણ આપવામાં આવ્યા હતા.



## પ્રભાત સ્વસ્થતા અભિયાન

### ફેબ્રુઆરી માસમાં થયેલ હેલ્થ ચેક-અપ

| Details | Facilitator | No. of person |
|---|---|---|
| હોમબેઝ પ્રોગ્રામ | નમ્રતાબેન | 1+4 પેરેન્ટ્સ=5 |
| હોમબેઝ+વટવા સેન્ટર | - | 14 પેરેન્ટ્સ=14 |
| વટવા સેન્ટર | કાશ્મીરાબેન | 1+15 પેરેન્ટ્સ=16 |
| વટવા સેન્ટર | હાર્દિકભાઈ | 1+11 પેરેન્ટ્સ=12 |
| વટવા સેન્ટર | રીનલબેન<br>નેહાબેન<br>કૃપાબેન | 3+8 પેરેન્ટ્સ=11 |



## K.M. મીટીંગ



| Name of teacher | No. of children |
|---|---|
| લક્ષ્મીબેન | 4 |
| લક્ષ્મીબેન | 4 |
| રીનલબેન | 4 |
| લક્ષ્મીબેન | 3 |

## સ્કૂલ પ્રોગ્રામ [પ્લે થેરાપી]

| Name of school | No. of days |
|---|---|
| શક્તિ સ્કૂલ | 4 |
| શ્રીજી કેલ્લા સ્કૂલ | 4 |
| એલેક્ષ સ્કૂલ | 3 |
| રેઈનબો સ્કૂલ | 3 |
| અર્શ સ્કૂલ | 2 |
| બી.કે.સ્કૂલ | 1 |
| મહાવીર સ્કૂલ | 1 |









## મીટીંગ

| Particulars | Topics |
|---|---|
| પ્રભાત ટીમ અને T.C.S. માંથી આરતીબેન અને પ્રિયાબેન | રોશની ઈનોગ્રેશન |
| કોમ્યુનીટી અને પ્રભાત ટીમ | ગેટ ટુ ગેધર |
| કેશવસર, રોબર્ટભાઈ અને "સુગર રશ આઉટ ડોર"ની ટીમ | બાળકોને સુગર રશ આઉટ ડોર વિઝીટ કરાવવાના પ્લાનિંગ માટે |
| પ્રભાત ટીમ અને N.I.D.સ્ટુડન્ટ્સ | સ્ટુડન્ટ્સના અભ્યાસના ભાગરૂપે |
| પ્રભાત ઓફિસ ટીમ મીટીંગ | ફંડ રેસિંગની ચર્ચા માટે |
| પ્રભાત ઓફિસ ટીમની મીટીંગ N.I.D.સ્ટુડન્ટ્સ ગૌતમભાઈ સાથે | મૂવી માટે |









## દિવ્યાંગનગર રમતોત્સવ 2020 કાંકરિયા



દિવ્યાંગનગર રમતોત્સવ 2020નું આયોજન તા.28/025/2020 ના રોજ કાંકરિયા ખાતે વ્યાયામ શાળામાં અમદાવાદ મ્યુન્સીપલ કોર્પોરેશન દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં અમદાવાદની વિવિધ સંસ્થાઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.








પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા આ રમતમાં ભાગ લેવાં માટે તા.13/02/2020 ના રોજ 69 બાળકોનું રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું. જેમાંથી 28/02/2020ના રોજ કાંકરિયા ખાતે વટવા સેન્ટરમાંથી 25 બાળકો અને દાણીલીમડા સેન્ટરમાંથી 23 બાળકો, પેરેન્ટ્સ અને શિક્ષકો સાથે હાજર રહ્યા હતા અને બાળકો એ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં 50 મીટર દોડ, નિશાંતક, સંગીત-ખુરશી, બોલ-ફેક, ગોળા-ફેક વગેરે રમતો હતી જેમાં પ્રભાતના બાળકોએ તેમની ક્ષમતા અનુસાર ભાગ લઈને પોતાનું ઉત્તમ પરફોમન્સ બતાવ્યું હતું. હાજર રહેલ બધા જ લોકો બાળકોને પ્રોત્સાહન આપતા હતા.

દાણીલીમડા સેન્ટરની ફોઝીયા મલેકનો નિશાનતાક ગેમમાં બીજો નંબર આવ્યો હતો અને તેને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. ફોઝીયાને પ્રભાત ટીમના ખૂબ ખૂબ અભિનંદન.

બધા જ બાળકોને મ્યુ. કો. તરફથી પ્રોત્સાહન ઈનામરુપે વોટર બોટલ આપવામાં આવેલ હતી, અને બાળકો માટે જમવાની વ્યવસ્થા અને બાળકોને ટ્રાન્સપોટેશન માટે બસની સેવા આપી હતી.

તેમજ કાંકરિયા ખાતે બાળકોના આનંદ માટે અટલ એક્સપ્રેસ મીનીટ્રેન અને જલપરી બસની સવારીનો લાભ બાળકોને ફ્રીમાં આપવામાં આવ્યો હતો. આમ બાળકોએ સવારથી સાંજ રમતમાં ભાગ લેવા સાથે એન્જોય કર્યું હતું.

અમદાવાદ મ્યુ.કો. દ્વારા આયોજીત રમતોત્સવમાં ભાગ લેવાં માટે પ્રભાતના 69 બાળકોનું ફોર્મ ભરીને રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું.

## પ્રભુતામાં પગલાં



જણાવતા ખૂબ આનંદ થાય છે કે આપણા ટીમ મેમ્બર ભાવનીષાબેન તા. 04/02/2020 ના રોજ લગ્નગ્રંથી થી જોડાયા છે, અને તેમના નવા જીવનમાં મંગલ પ્રવેશ કર્યો છે.

તેમને પ્રભાત ટીમ તરફથી લગ્નજીવન નિમિત્તે ખૂબ ખૂબ શુભેછા.

આ પ્રસંગમાં હાજરી આપવા અને શુભેછા પાઠવવા સંસ્થામાંથી શ્રી કેશવસર, શ્રી કિરણભાઈ, શ્રી કિશોરભાઈ, કાશ્મીરાબેન, શ્રી રાજભાઈ અને હિનલબેન ગયા હતા.

## એસેસમેન્ટ



તા. 11/02/2020 ના રોજ ઓઢવ C.R.C.માં 5 H.I.બાળકોનું એસેસમેન્ટ કરાવવામાં આવ્યું.

## સ્કોલરશીપ ફોર્મ

તા. 15/02/2020 ના રોજ બાળકોને સરકાર તરફથી મળતી સહાય માટેના સ્કોલરશીપના ફોર્મ ભરવામાં આવ્યા.


PRABHAT
EDUCATION FOUNDATION
An alternative for those with special needs

### સંસ્થા રજીસ્ટ્રેશન રીન્યૂઅલ

તા. 13/02/2020 ના રોજ વિકલાંગ દ્વારા હેઠળ રજીસ્ટ્રેશન રીન્યૂ કરવા માટે ફાઈલ સબમીટ કરેલ છે. જે ફાઈલની એક કોપી સહી-સિક્કા કરીને પ્રભાતને પરત આપવામાં આવેલ છે.

### સિબલિંગ સ્કોલરશીપ







### Prosthetics and Orthotics Unit

તા. 26/02/2020 ના રોજ સંસ્થાના 3 બાળકોને કેલીપર્સ આપવામાં આવ્યા.

### બ્લેન્કેટ અને સ્વેટર વિતરણ

દાણીલીમડાના 10 બાળકોને બ્લૅમકેત આપવામાં આવ્યા, હોમબેઝ બાળક ગણેશને સ્વેટર આપવામાં આવ્યું.



### મુબારક હો...



દુઆઓ કી સૌગાત, ખુશીયો કે પલ મીલે.
આજ સે ભી જ્યાદા,
ખૂબસૂરત આપકો કલ મીલે.

બહારે ભી કરે ગુમાન,
ઐસા રૂપ શૃંગાર મીલે.
દુઆ હે રબસે યહી કી. પુરા હર અરમાન મીલે.



પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ ખૂબ શુભેછા.
તા. 12/02/2020 જન્મદિન મુબારક લક્ષ્મીબેન.

### ન્યુ એડમીશન

દાણીલીમડા સેન્ટર - સમર્થ ક્રિશ્ચયન
અર્શ ફિઝિયોથેરાપી ક્લાસ - મોહમ્મદ અમાન

## રજિસ્ટર્ડ ઓફિસ

### ફંડ રાઈઝિંગ



ફંડ રાઈઝિંગ માટે ઓફિસમાં તા. 14/02/2020 ના રોજ મિટિંગ કરવામાં આવી. ફંડ રાઈઝિંગના જુદા-જુદા પ્રકાર માટેની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં કેશવસર, નારાયણસર, દિવ્યાબેન, શૈલેષભાઇ અને હિનલએ ભાગ લીધો હતો.

### એનીમલ સહાય થેરાપી




એક જુદા પ્રકારની થેરાપીનો માર્ગ છે, જેનાથી અલગ પ્રકારની  પ્રાણીઓને ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.
એનીમલ સહાય થેરાપીથી ઘણા ફાયદા થાય છે :-

- ફાઈન મોટર સ્કીલમાં વધારો
- સેન્સરીનો અનુભવ

- બેલેન્સમાં વધારો
- ધ્યાન કેન્દ્રિતમાં વધારો
- આત્મ-સન્માનમાં વધારો
- શોક અને ચિંતામાં ઘટાડો
- રોગનિવારક પ્રોગ્રામ અથવા જૂથ પ્રવૃત્તિમાં સામેલ થવા માટેની ઈચ્છામાં સુધારો
- સામાજિક કુશળતાઓમાં વધારો

આ થેરાપીને આગળ લઈ જવા માટે સંસ્થાની પહેલી મીટિંગ "Sugar Rush outdoors"ના ઓનર રાહુલભાઈ સાથે  સંસ્થાની ઓફિસમાં જ કરવામાં આવી હતી.



### IRMA [Institute of Rural Management Anand]

તા. 14/02/2020 ના રોજ સંસ્થાની ઑફિસે IRMA માંથી આવેલ સર્વેયર ભાઈને આપણી સંસ્થાની કામગીરી વિશે સંપૂર્ણ માહિતી કેશવસર અને શૈલેષભાઇ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

### Account workshop



અમદાવાદના N.G.O ના ઍકાઉન્ટટ માટે તા. 18/02/2020ના રોજ એક વર્કશોપ જનવિકાસ સંસ્થાએ જનવિકાસ ટ્રેનિંગ હોલમાં યોજેલ હતો. જેમાં સંસ્થામાંથી શૈલેષભાઈએ ભાગ લીધો હતો. વર્કશોપમાં હેમાલીબેન અને અસલમભાઈ સ્પીકર હતા. આ વર્કશોપમાં બજેટ ૨૦૨૦માં આવેલ ફેરફારની માહિતી પૂરી પાડવામાં આવે છે. જેમ કે, નવા વિત્તીય વર્ષ 01/02/2020 થી રજીસ્ટ્રેશન દર 5 વર્ષે રીન્યુ કરવાનું રહેશે, દાતાઓની પૂર્ણવિગત ઈન્કમ ટેક્સ વેબસાઈટ પર મુકવાની રહેશે અને ઈન્કમ ટેક્સ 31મી ઓક્ટોબર અને ઓડિટ રિપોર્ટ 30મી સપ્ટેબર પહેલા અપલોડ કરવાનો રહેશે.

### કંગના અને તેની મા......



સંસ્થા પાસે એક કીંમતી ખજાનો આવ્યો છે જે છે 20 મિનિટનું એક સુંદર મુવી સંસ્થાના બે અનમોલ રતનનું. ગૌતમ ગુલાટીએ [માસ્ટર સ્ટુડન્ટ્સ ઓફ N.I.D.પાલડી] બનાવી છે, તે મુવી એક માતા અને દીકરીના સુંદર સંબંધ પર બનાવામાં આવ્યું છે. જે મુવી સોશિયલ મીડિયાના એક પ્લેટફોર્મ યૂ-ટ્યૂબ પર અપલોડ કરવામાં આવ્યું છે. જેની લિંક છે, https://www.youtube.com/watch?v=dMOviAfYR9g&t=48s

### Advocacy and Networking



Advocacy and Networking માટે કેશવસર N.I.D.પાલડી ગયા હતા. જ્યાં તેમણે 30 સ્ટુડન્ટ્સને પ્રભાત અને સ્પેશીયલ નીડ્સ માટેની માહિતી આપી અને તેમને પ્રોત્સાહન આપ્યું કે પ્રભાતના બાળકો માટે પોતાના ડિઝાઈનીંગ આઈડીયાનો ઉપયોગ કરે. N.I.D.ના સ્ટુડન્ટ્સના જેના કામ કરે છે તે ટોપીક છે:- ડિસેબિલિટી એક્ટ, ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન મટીરીયલ ફોર બિહેવીયર ચેન્જ.

### આપવાથી વધુ મળે!



પ્રથમ સંસ્થા તરફથી English Access Micro સ્કોલરશીપ હેઠળ ચાલતી 2 કોલેજ:- FD Arts & Commerce Collage For Women અને Government Polytechnic For Girls માંથી 40 વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં કુકીંગ, પેઈન્ટિંગ, બાળકો સાથે જુદી-જુદી એકટીવીટી અને N.I.D.જેવા બીજા પ્રકારની કોલેજો વિશેની માહિતી મેળવી હતી.

## Social Justice & Empowerment Department




Social Justice & Empowerment Department માંથી P.W.D સર્ટિફિકેટ ની પ્રોસેસ ચાલુ થઈ ગઈ છે. જેમાં પોલીસ વેરીફિકેશન, ફાયર સર્ટિફિકેટ નો સમાવેશ થાય છે. P.W.D સર્ટિફિકેટ નું રજીસ્ટ્રેશન ઓનલાઈન દ્વારા કરવાનું હોય છે. જેમાં દરેક સંસ્થાને એક યુનિક I.D.નંબર આપવામાં આવે છે.

## Counselling

ડો.આર.પી. રોય કે જે એક મેન્ટલી ચેલેન્જ બાળકના પિતા છે. તા. 22/02/2020 ના રોજ ડો. રોયે સંસ્થાની રજીસ્ટર્ડ ઑફિસની મુલાકાત લીધી હતી. અનિકેતની સાથે વાતચીત કરી હતી જે એક મેન્ટલી ચેલેન્જ છે અને તે ઓફિસમાં આવે છે અને તેને કઈ રીતે સંસ્થા તાલીમ આપે છે તે ડો. રોયે વાતચીત દરમ્યાન જાણ્યું હતું. કેશવસરે આ પિતાને inclusion education ની સલાહ આપી હતી. આ રીતે ડો.આર.પી. રોયે માહિતી મેળવી હતી.

## નેટવર્કિંગ

Navchetna, Innovation Education for Community Transformation [NIECT] સંસ્થામાંથી પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના કેશવસરને મૂલ્યાંકન ટીમ અગ્રણી તરીકે બોલાવવામાં આવ્યા હતા. આ મૂલ્યાંકનનો ધ્યેય વિવિધ ભૌગોલિક ક્ષેત્રના વિદ્યાર્થીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું. આ મૂલ્યાંકનનો ઉદ્દેશ હતો કે પ્રોજેક્ટના ઉદ્દેશો અને પરિણામો કયા હદે પ્રાપ્ત થયા છે તે જોવા અને તે પરિણામો પ્રાપ્ત કરવા માટે ધરાયેલી પ્રવૃતિઓની અસરકારતાં જોવી.





## Photo Gallery



જલસા કર બાપુ...



સ્ટુડન્ટ આર્ટ



શું લાગે છે રાજભાઈ?



ગેમ ટાઈમ



ફિઝિયોથેરાપી



જ્ઞાન સાથે ગમ્મત



રીક્ષામાં બેસી ચાલ્યા અમે!



ક્લિક પ્લીઝ



"અમારી ટુકડી ઝીંદાબાદ"



હું જાતે બેઠો છું



ભાગ ફોઝીયા ભાગ



સાચવવું પડે ને!



જીતીશ તો હું જ !



વર્ક ઈસ પ્રોગ્રેસ

PRABHAT EDUCATION FOUNDATION

AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS


**Prabhat Education Foundation**

A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar
Ahmedabad-380015

**Phone:** +91 - 79 - 4890-3054; Mobile: +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org